**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૬/03/૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૯૩/૧૮**

## માધુપુરા આહના ગોલ્ડ એલએલપીના કારખાનાં ખાતેથી તથા આનંદનગર સીમા હોલની સામે 'વિહાના જેમ્સ એન્ડ જવેલરી' ખાતેથી ફરીયાદીશ્રીઓની નજર ચુકવી વિશ્વાસમાં લઇ સોનાના કચરાના બફ પાવડર કુલ કિ.રૂ.૨૬,00,000/-નો મુદ્દામાલ લઇ નાસી જનાર ચાર નાસતા ફરતા ઇસમોની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.ડી.પરમાર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબએસ.ઓ.જી.ક્રાઇમ ને લગતા હેડની કામગીરી કરવા તથા મિલકત સબંધી બનેલ ગુનાઓ શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સુચના કરેલ.

જે અનુસંધાને માધુપુરા પોલીસ સ્ટેશન ફગુ.ર.નં.૨૮/૨૦૧૮ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા આનંદનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૧/૨૦૧૮ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦ (બી), ૧૧૪ મુજબના ગુના ગઇ તા૨૬/૦૨/૨૦૧૮ તેમજ તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ દાખલ થયેલ હોય જે ગુનો ગુલામ તથા રાજુ તેમજ અન્ય ત્રણ અજાણ્યા ઇસમો વિરુધ્ધ દાખલ થયેલ હોય જે ગુનાના કામે આરોપીઓની તપાસમાં પોસઇ શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એન.એન.રબારી નાઓ તપાસમાં હતા. દરમ્યાન ગુલામમુઝ્દ્દીન ગુલામરસુલ શેખને સીઆરપીસી કલમ૪૧(૧)(આઇ) મુજબ અટક કરી આનંદનગર પોસ્ટે. સોપેલ હતો. બાદ બનાવવાળી જગ્યાની મુલાકાત લઇ ટેકનોલોજી તથા અન્ય સર્વેલન્સની મદદ લઇ તપાસ કરતાં તમામ આરોપીઓ તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ રાજકોટ ખાતે રોકાયેલ જે હોટલમાં તપાસ કરતાં આ ચાર પૈકી બે આરોપીઓના આઇડી.પ્રુફ મળી આવતાં જેઓના નામ જોતાં રવીન્દ્ર ચકંપ્પા કુન્ચીકોર્વે રહે, બી/૧૪૦, ૨/૨, જી.આર.ડી., કુંન્ચીકુર્વનગર, ૬૦ ફુટ રોડ, ધારાવી, મુંબઇ મહારાષ્ટ્ર તથા જાસીમ નુરુલ શેખ રહે, અન્ના ભાઉ સાઠે નગર, જેરબાઇ વાડીયા રોડ, ભોઇવાડા સ્મશાન ભુમી પાસે, શીવરી, મુંબઇ મહારાષ્ટ્રનો હોવાનું જાણવા મળેલ. જેથી પોસઇ શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એન.એન.રબારી તથા હે.કો.જયેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા હે.કો.ફિરોજખાન નસરૂદ્દીનનાઓ સાથે મુંબઇ ખાતે જઇ જેઓના સરનામાં ઉપર તપાસ કરતાં ચાર ઇસમો મળી આવતા જેઓના નામઠામ પુછતાં (૧) રવીન્દ્ર ચકંપ્પા કુન્ચીકોર્વે ઉવ.૩૩ ધંધોઃમજુરી રહે, બી/૧૪૦, ૨/૨, કુંન્ચીકુર્વેનગર, ૬૦ ફુટ રોડ, ધારાવી, મુંબઇ મહારાષ્ટ્ર (૨) જસીમ ઉર્ફે રાજુ s/o નુરુલ શેખ ઉવ.૪૭ ધંધોઃમજુરી રહે, અન્ના ભાઉ સાઠે નગર, જેરબાઇ વાડીયા રોડ, ભોઇવાડા સ્મશાન ભુમી પાસે, શીવરી,

મુંબઇ મહારાષ્ટ્ર (૩) સલમાન મુબારક શેખ ઉવ૨૭ ધંધોઃમજુરી રહે, ઘર નં.૫૦૦૪, રાજ રતનની ચાલી નં.૧૦૪, રમાબાઇનગર, સમતા મિત્ર મંડળ પાસે, ઘાટકોપર ઇસ્ટ મુંબઇ મહારાષ્ટ્ર (૪) નરેન્દ્ર દામુ ફટફુરે ઉવ૫૦ ધંધોઃમજુરી રહે, ૬૧, ભારતનગર, જેરબાઇ વાડીયા રોડ, ભોઇવાડા સ્મશાન ભુમી પાસે, શીવરી, મુંબઇ મહારાષ્ટ્ર તથા ૬૧/૧, સેવાકુટીર, નઇગાવ, ભોઇવાડા ચાર રસ્તા, પરેલ, મુંબઇ મહારાષ્ટ્ર નાઓ મળી આવેલ. જેઓને મુંબઇ ખાતેથી અત્રે એસઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર ખાતે લાવી પુછપરછ કરતાં જણાવેલ કે, તેઓ માણેકચોક સોની બજાર ખાતે સોનાનો કચરો (બફ પાવડર) લેવા ગયેલ ત્યાંથી તેઓને ગુલામનો મોબાઇલ નંબર મળેલો જે મોનં. ઉપર સંપર્ક કરતાં ગુલામની સાથે માધુપુરા ખાતે આવેલ ન્યુ માધુપુરા આહના ગોલ્ડ એલએલપીના કારખાનાં ખાતેથી કારખાનાંના માલીકની નજર ચુકવી વિશ્વાસમાં લઇ સોનાનો કચરો (બફ પાવડર) લઇ ગયેલ તથા આનંદનગર શ્યામલ સર્કલની પાસે સીમાહોલની સામે 'વિહાના જેમ્સ એન્ડ જવેલરી' નાઓને ત્યાં તેના માલીકની નજર ચુકવી વિશ્વાસમાં લઇ સોનાનો કચરો (બફ પાવડર) લઇ ગયેલ જે બાબતે દાખલ થયેલ ગુનાઓમાં વોન્ટેડ હોવાની હકીકત જણાવેલ જેથીસદરીઆરોપીઓને ઉપરોક્ત ગુનામાં આજરોજ તા.૨૫/૦૩/૨૦૧૮ ના કલાક ૧૮/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરવામાં આવેલ છે અને આગળની કાર્યવાહી સારૂ માધુપુરા પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ હાથ ધરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.